## :: FORM NO. A::

**અમદાવાદ શહેરના ૬ઠ્ઠા એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ, મુ. અમદાવાદ શહેર.**

**આંક–૨૨**

**( જજમેન્ટ તારીખ : ૨૭/૦૧/૨૦૨૫. )**
**(ક્રિમીનલ કેસ નં. ૫૦૩/૨૦૧૫)**
ગોમતીપુર પો.સ્ટે.સે. ગુ.ર.નં.૩૦૭૧/૨૦૧૫
ધી ઈ.પી.કો.કલમ–૩૨૩, ૨૯૪(ખ), તથા જી.પી.એકટ કલમ– ૧૩૫(૧) મુજબ.

**ફરીયાદી** : શ્રી સરકાર.

**ફરીયાદપક્ષે એ.પી.પી.શ્રી** : બી.આર. બારોટ

**આરોપી** : **(૧) રમેશભાઈ અમરસીગભાઈ પરમાર રહે. સરદારજીના છાપરા, ખાડાવાળી ચાલી પાસે, ગોમતીપુર, અમદાવાદ**

**આરોપી તરફે વિ.વ.શ્રી** : જે.કે.દિવન

## :: FORM NO. B ::

| | | |
|---|---|---|
| બનાવની તારીખ | : | તા.૩૦/૦૪/૨૦૧૫ |
| એફ.આઈ.આર. તારીખ | : | તા.૧૨/૦૮/૨૦૧૫ |
| ચાર્જશીટ કર્યા તારીખ | : | તા.૧૭/૦૮/૨૦૧૫ |
| તહોમતનામુ ફરમાવ્યા તારીખ: | : | તા.૨૮/૦૯/૨૦૧૫ |
| પુરાવાની શરૂઆતની તારીખ. | : | તા.૧૮/૦૬/૨૦૧૮ |
| જજમેન્ટ અનામત રાખ્યા તારીખ : | : | --- |
| જજમેન્ટ તારીખ. | : | તા.૨૪/૦૧/૨૦૨૫ |
| સજાના હુકમની તારીખ, જો કોઈ હોય તો.. | : | તા.૨૪/૦૧/૨૦૨૫ |

સ્થળ:અમદાવાદ.
તા.૨૪/૦૧/૨૦૨૫.

**(વી. એ. ઘાઘલ )**
૬ઠ્ઠા એડી. ચીફ. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ શહેર.
કોડ નંબર:જીજે.૦૦૮૯૧.

**:: FORM NO. C::**

**:: પ્રોસીકયુશન/ડીફેન્સ/કોર્ટ વિટનેશનું લીસ્ટ તથા વિગત::**

**(એ) ફરીયાદપક્ષે સાહેદોનું લીસ્ટ ::**

- ફરિયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

| ક્રમ | સાહેદનું નામ | આંક | સાહેદનો પ્રકાર |
|---|---|---|---|
| PW 1 | જશવંતભાઈ છોટાભાઈ ગોહીલ ની જુબાની | ૦૪ | ફરીયાદી |
| PW 2 | રાધા કીશન રામદિનજી ખટીક ની જુબાની | ૦૫ | પંચ સાહેદ |
| PW 3 | ગુલાબભાઈ છગનભાઈ સુમેસરા ની જુબાની | ૦૭ | પંચ સાહેદ |
| PW 4 | પરષોતમભાઈ બેચરભાઈ રાઠોડ ની જુબાની | ૦૯ | સાહેદ |
| PW 5 | વર્ષાબેન પરષોતમભાઈ રાઠોડ ની જુબાની | ૧૦ | સાહેદ |
| PW 6 | ડો. ડેનીશ કીશોરભાઈ આરદેશણા ની જુબાની | ૧૧ | સારવાર કરનાર |
| PW7 | રાહુલભાઈ પરસોત્તમભાઈ ચાવડા જુબાની | ૧૫ | સાહેદ |
| PW8 | જીતેન્દ્ર આત્મારામ ની જુબાની | ૧૭ | ફરીયાદ લેનાર |
| PW9 | રાજેન્દ્રકુમાર જીવણલાલ ની જુબાની | ૨૦ | ત.ક.અ.શ્રી |

**(બી) બચાવપક્ષના સાહેદ, જો હોય તો, ::**

| ક્રમ | નામ | પુરાવો આપનાર |
|---|---|---|
| 1 | | |

**(સી) કોર્ટના સાહેદો, જો હોય તો, ::**

| ક્રમ | નામ | પુરાવો આપનાર |
|---|---|---|
| - | – | – |

**:: પ્રોસીકયુશન/ડીફેન્સ/કોર્ટ તરફે રજુ થયેલ દસ્તાવેજો પુરાવાઓ::**

**(એ) ફરીયાદપક્ષે દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ ::**

| અ.નં. | :: આંક :: | :: દસ્તાવેજોનું વર્ણન :: |
|---|---|---|
| ૧ | ૦૬ | પંચનામું |
| ૨ | ૦૮ | પંચનામું |
| ૩ | ૧૨ | સારવાર સર્ટીફીકેટ |
| ૪ | ૧૩ | ઓ.પી.ડી કેસ પેપર |
| ૫ | ૧૪ | એકસ રે |
| ૬ | ૧૮ | ફરીયાદ |
| ૭ | ૧૯ | સારવાર સર્ટીફીકેટ |

(બી) બચાવપક્ષે દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ ::

| અ.નં. | :: આંક :: | :: પુરાવાનું વર્ણન :: |
|---|---|---|
| (૧) | | |

(સી) કોર્ટ દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ ::

| અ.નં. | :: આંક :: | :: પુરાવાનું વર્ણન :: |
|---|---|---|
| – | – | – |

**:: કબજે લીધેલ મુદ્દામાલ ::**

| અનુ. નં. | કબજે લીધેલ મુદ્દામાલ | વર્ણન |
|---|---|---|
| – | લોખંડની પાઈપ | – |

સ્થળ:અમદાવાદ.
તા.૨૪/૦૧/૨૦૨૫.

**(વી. એ. ઘાઘલ )**
૬ઠ્ઠા એડી. ચીફ. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ શહેર.
**કોડ નંબર:જીજે.૦૦૮૯૧.**

## (૧). ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત:

આ કામના આરોપીઓએ તા. ૩૦/૦૪/૧૫ ના કલાક ૧૩:૦૦ વાગે સરદારજીના છાપરા ખાડાવાળી ચાલીના નાકે ફરીયાદીના ભાણીયા ને પેડલ રીક્ષા સામે ચલાવી લાવવા માટે લાફો મારી ફરીયાદીએ આ બાબતે કહેવા જતા આરોપીએ ફરીયાદીને ગંદી ગાળો બોલી લોખંડની પાઈપ મારવા જતા ફરીયાદીએ પકડી લેતા પાઈપ સહેજ માથામાં વાગી જતા ઈજા થતા આરોપી નાસી જઈ પાછળ થી પકડાઈ જઈ ગુનો કરી , ધી ઈ.પી.કો. કલમ ૩૨૩, ૨૯૪(ખ), તથા જી.પી.એકટ કલમ- ૧૩૫(૧) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે. આ ગુના સંબંધી ફરીયાદીએ આરોપીઓ વિરૂધ્ધ ગોમતીપુર પો.સ્ટે. સે. ગુ.ર.નં.૩૦૭૨/૨૦૧૫ થી ફરીયાદ આપતા તપાસ કરનાર અમલદારે તપાસ શરુ કરી, જરૂરી પંચનામુ કરી, સાહેદોના નિવેદનો નોધી, પુરતો પુરાવો આરોપીઓ વિરૂધ્ધ જણાઈ આવતા આરોપીઓની અટક કરી ગુનો બનતો હોય ચાર્જશીટ રજુ કરેલ.

**(૨).** આ કામના આરોપીઓને સમન્સની બજવણી થતા તેઓ તેમના વિ. વ.શ્રી મારફત હાજર થયેલ અને તેઓને ચાર્જશીટ તથા પોલીસ તપાસની નકલો ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૦૭ મુજબ વિનામૂલ્યે આપ્યાની ખાતરી કરી આરોપીઓને અતહોમતનામુ વાંચી સંભાળવી આંક-૦૩ આરોપીઓનું નિવેદન (પ્લી) નોંધતા આરોપીઓએ આક્ષેપીત ગુનો કબુલાત ન કરતા આ કામે ફરીયાદપક્ષનો પુરાવો નોંધવા ઉપર રાખવામાં આવેલ.

(૩) ફરીયાદ પક્ષનો પુરાવો ધ્યાને લેતા આરોપીનુ ક્રિ.પ્રો.કોડની કલમ:૩૧૩ અન્વયે વિશેષમાં નિવેદન નોંધતા ખોટો કેસ કરેલ હોવાની હકીકત જણાવેલ

છે. ત્યારબાદ બંને પક્ષોની મૌખીક દલીલો.

(૪) આ કેસ આજરોજ જજમેન્ટ ઉપર હતો ત્યારે બંને પક્ષકારો વચચે આંક– ૨૧ થી સમાધાન રજુ થતા આઈ.પી.સી કલમ– ૩૨૩ નો ગુનો સી.આર.પી.સી કલમ ૩૨૦ મુજબ સમાધાનને પાત્ર હોય જેથી સમાધાન ગ્રહય રાખી આરોપી ને આઈ.પી.સી કલમ– ૩૨૩ ના કામે સી.આર.પી.સી કલમ– ૩૨૦ મુજબ સમાધાનથી નિદોર્ષ ઠરાવી છોડી મુકવામાં આવે છે. જયારે આઈ.પી.સી કલમ– ૨૯૪(ખ) અને જી.પી એકટ કલમ– ૧૩૫(૧) ગુનો સમાધાન લાયક ન હોવાથી તેટલા પુરતી કેસની કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) ફરિયાદ પક્ષ તરફથી રજુ થયેલા પુરાવાઓ ધ્યાને લેતા કોર્ટ સમક્ષ આ કેસનાં આખરી નિર્ણય સારૂ નીચે મુજબ મુદ્દા ઉપસ્થિત થાય છે.

**–૦ મુદ્દા ૦ –**

(૧) શું ફરીયાદપક્ષ સાબિત કરે છે કે, તા. ૩૦/૦૪/૧૫ ના કલાક ૧૩:૦૦ વાગે સરદારજીના છાપરા ખાડાવાળી ચાલીના નાકે ફરીયાદીના ભાણીયા ને પેડલ રીક્ષા સામે ચલાવી લાવવા માટે ફરીયાદીએ આ બાબતે કહેવા જતા આરોપી એ ફરીયાદીને ગંદી ગાળો બોલી તથા જાહેરમાં હથીયાર ધારણ કરી ધી ઈ.પી.કો. કલમ ૨૯૪(ખ), તથા જી.પી.એકટ કલમ– ૧૩૫(૧) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૬) ઊપરોકત મુદા નાં કારણો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

**(૭). ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખિક પુરાવો તથા પુરાવાનું વિશ્લેષણ ::**

**(૭.૧).** આ કામે આંક–૦૫ એ થી રજુ ફરીયાદની હકીકત ધ્યાને લઈએ તો,આજરોજ બપોરના સમયે આશરે એક વાગે ના સુમારે હું મારા ઘરે હાજર હતો અને મારા ભાણીયો રાહુલ નાઓને પેડલ રીક્ષા લઈને ચાલીના નાકે સિમેન્ટ લઈ આવવા જણાવેલ અને થોૈડીવારમાં મારો ભાણો દોડતો ઘરે આવેલો અને જણાવેલ કે ચાલીના નાકેથી હું પેડલ રીક્ષા લઈ જતો હતો ત્યારે આ રમેશભાઈ પોતાની એકટીવા લઈને એકદમ પેડલ રીક્ષા ની સામે આવેલ અને કઈપણ બોલ્યા ચાલ્યા વગર એક લાફો મારી દીધેલ તેથી હું તરત જ મારા ભાણા સાથે ચાલીના નાકે આવતા આ રમેશ મને જોઈને કહેવા લાગેલ કે તારો ભાણો જોયા વગર પેડલ રીક્ષા ચલાવે છે તેમ કહીને ગંદી ગાળો બોલવા લાગેલા જેથી ગાળો આપવાની ના પાડતા તે એકદમ ઉશ્કેરાઈ ગયેલા અને દોડીને ઘરેથી એક લોખંડની પાઈપ લઈ આવેલા તે પાઈપનો એક ફટકો મારવા જતા જે પાઈપ મે પકડીલીધેલ અને જપાજપી દરમ્યાન જે પાઈપ મારા કપાળના ભો વાગી ગયેલ આ વખતે મારો ભાણો તથા મારા કારીગરો દોડીને આવી જતા અમોને વધુ મારમાંથી છોડાવેલા અને મને કપાળના ભાગે ઈજા થયેલ હોય જેથી સારવાર અર્થે શારદાબેન હોસ્પિટલ માં લાવતા કેજયુલીી વોર્ડમાં દાખલ કરેલ છે હાલ મારી ફરીયાદ સારવાર ચાલુ છે હું સુંપર્ણ ભાનમાં છું જેથી મારી રમેશ પરમાર વિરુધ્ધ કાયદેસર તપાસ ફરીયાદ આપેલ છે.

**:: ફરીયાદપક્ષે રજુ પુરાવો અને પુરાવાનું મુલ્યાંકન ::**

(૮) આ કામે ફરીયાદી આંક– ૪ જશવંતભાઈ નાઓ જણાવે છે કે બનાવ તા.૩૦/૦૪/૧૫ ના રોજ બપોરના બારથી એકનાં સમયમાં સરદારના છાપરાવાળી ચાલીમાં રોડ ઉપર બનેલો. બનાવ વખતે તેઓનો ભાણીયો રાહુલ પેન્ડલ સીમેન્ટ લઈને રોડ ઉપર લેવા આવેલા તે વખતે તમો આરોપી

રમેશભાઈએ રાહુલને સીધી થપ્પડ મારી દીધેલ. જે બાબતે રાહુલે પરત ઘરે આવીને તેઓને જાણ કરેલ સદર બાબતે તેઓ રોડ ઉપર ગયેલ અને તમો આરોપીને પુછતા તમો ગાળો બોલવા લાગેલા. તેથી ફરીયાદીએ તમો ને જણાવેલ કે, ગાળો ન આપ આ આપણો ભાણેજ થાય છે. અને ફરીયાદીએ ગાળો બોલવાની ના પાડતા તમો રમેશભાઈ દોડીને પોતાના ઘરે જઈને એક પાઈપ લઈને આવેલ અને ફરીયાદી વચ્ચે છોડાવવા પડતા ફરીયાદીને પાછળથી તમો આરોપીએ લોખંડની પાઈપ ફરીયાદીના કપાળ ઉપર મારી દીધેલ.તેઓએ ઈજા અંગે શારદાબેન હોસ્પિટલમાં સારવાર લીધેલ અને સદર બનાવની ગોમતીપુર પો.સ્ટે.માં ફરીયાદ આપેલ. જે ફરીયાદમાં તેઓની સહી ઓળખી બતાવી ફરીયાદ આ કામે આંક-૦૫ થી રજુ રાખેલ છે.

ઉલટતપાસમાં જણાવેલ છે કે હું તથા આરોપી અલગ અલગ લાઈનમાં રહીએછીએ. આ રસ્તો પથરવાળો કાચો રસ્તો છે. ફરીયાદ મને પોલીસે વાંચી સંભળાવેલ નહી. મે મારી ફરીયાદમાં બનાવ બાર થી એક ના સમયમાં બનેલો તેવું લખાવેલ નથી. અમને શારદાબેન હોસ્પીટલ ગયા ત્યારે તેઓની સાથે તેમના પત્ની તથા વિજયાબેન અશોકભાઈ હતા તેઓ બધા અલગ અલગ રીક્ષમાં ગયેલા અમો શારદાબેન હોસ્પીટલ કેટલા વાગે પહોચેલા તે યાદ નથી.

(૮.૧) આ કામે સાહેદ આંક- ૫ થી રાધાકીશન ખટીક નાઓ જણાવે છે કે આંક-૦૬ થી રજુ બનાવવાળી જગ્યાના પંચનામામાં તેઓની સહી ઓળખી બતાવેલ છે. આ કામના સાહેદો પંચનામાની હકીકતોને સમર્થન કરેલ ન હોય વિ.એપીપીશ્રીનાઓએ સાહેદને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા સુચક પ્રશ્નો પુછવા છતાં ફરીયાદની હકીકતોને સમર્થન કરેલ નથી. ઉલટતપાસમાં જણાવેલ છે કે પોલીસે અમારી તૈયાર પંચનામામાં સહી

લીધેલી આ સિવાય તેઓ કશું જાણતા નથી.

(૮.૨) આ કામે સાહેદ આંક– ૭ થી ગુલબભાઈ છગનભાઈ નાઓ જણાવે છે કે આંક–૦૮ થી રજુ મુદામાલ રીકવરી પંચનામામાં તેઓની સહી ઓળખી બતાવેલ છે. આ કામના સાહેદો પંચનામાની હકીકતોને સમર્થન કરેલ ન હોય વિ.એપીપીશ્રીનાઓએ સાહેદને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા સુચક પ્રશ્નો પુછવા છતાં ફરીયાદની હકીકતોને સમર્થન કરેલ નથી. ઉલટતપાસમાં જણાવેલ છે કે પોલીસે અમારી તૈયાર પંચનામામાં સહી લીધેલી આ સિવાય તેઓ કશું જાણતા નથી.

(૮.૩) આ કામે સાહેદ આંક– ૯ થી સાહેદ પરષોતમભાઈ બેચરભાઈ નાઓ જણાવે છે કે બનાવ આશરે છ સાત મહીના પહેલા બનેલો. મને ચોકકસ તારીખ યાદ નથી . ખાડી વાળી ચાલી તેઓ ગોમતીપુર મુકામે બપોરના સમયે બનેલો બનાવ સમયે જશવંતભાઈના ઘરે કામ કરતો હતો અને ત્યા જશવંતભાઈને ઝગડો થયેલો કોની સાથે થયેલો તેની ખબર નથી. જશવંતભઈીને લોહી નીકળેલ અને તેણે કોણે મારેલતેની મને ખબર નથી. પોલીસે બનાવ બાબતે મારી પુછપરછ કરેલ નહી. . આ કામના સાહેદો ફરીયાદની હકીકતોને સમર્થન કરેલ ન હોય વિ.એપીપીશ્રીનાઓએ સાહેદને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા સુચક પ્રશ્નો પુછવા છતાં ફરીયાદની હકીકતોને સમર્થન કરેલ નથી. ઉલટતપાસમાં જણાવેલ છે કે બનાવ બન્યો ત્યારે હું ધાબા પર કામ કરતો હોવાથી બનાવ બાબતે મને કોઈ જાતમાહીતી નથી..

(૮.૪) આ કામે સાહેદ આંક– ૧૦ થી સાહેદ વર્ષાબેન રાઠોડ નાઓ જણાવે છે કે બનાવ બપોરના સમયે લગભગ ચાર પાંચ વર્ષ પહેલા ખાડાવાળી ચાલી ગોમતીપુર મુકામે

બનેલો. બનાવ સમયે હું મારા પતિ ત્યાં મકાનનનું ધાબુ ભરવાનું કામ કરતા હા આ વખતે બનાવમાં શું બનેલ તેની મને ખબર નથી. પોલીસે મારી કોઈ પુછપરછ કરેલ નહી.

(૮.૫) આ કામે સાહેદ ર્ડા.ડેનીશ કિશોરભાઈ આરદેશણાનાઓ આંક–૧૧ થી પુરાવામાં જણાવે છે કે, તેઓ તા.૩૦/૦૪/૧૫ ના રોજ ફરજ પર હતા તે દરમ્યાન બપોરના ૧.૨૫ વાગે તેઓની પાસે જશવંતભાઈ છોટાભાઈ ગોહીલનાઓ પોલીસચાદી વગર સારવાર માટે આવેલા અને તેમને હિસ્ટ્રીમાં પુછતા જણાવેલ કે, સામેવાળા વ્યકિતએ બપોરના સાડાબાર વાગે ગોમતીપુર ખાતે મારેલ છે.દર્દીને તપાસતા કપાળના ભાગે ઈજા થયેલ હોચ કપાળના ભાગે ટાંકા લઈ દવા આપી રજા આપેલ અને દર્દીને મગજનો એકસરે કરાવતા અંદરના ભાગે કોઈ ઈજા જણાચેલ નહીં. સદર બાબતે તેઓએ સારવાર સર્ટી આપેલ. જે આ કામે આંક–૧૨ થી રજુ છે. જેમાં તેઓની સહી અને હોદ્દાની નોંધ ઓળખી બતાવી દર્દીને ઈજા કોઈ વ્યકિત ધ્વારા લોખંડની પાઈપથી મારવામાં આવે તો આવી ઈજા થઈ શકે તેવુ જણાવેલ છે.

ઉલટતપાસમાં જણાવેલ છે કે તા.૩૦/૪/૧૫ ના રોજ મારી ડયુટી સવારના આઠથી બપોરના બે વાગ્યા સુધી હતી.સી.એમ.ઓ યુનીટમાં મારી નોકરી હતી. મારી ડયુટી ઈ.એન.ટીમાં ન હતી. દર્દીને સારવાર આપતા કેલો સમય લોલ તે હાલમાં ચોકકસ સમય કહી શકી નહી પરંતુ જે પ્રકારની સારવાર આપવામાં આવેલી તેજોતા અડધો કલાક કે કલાક જેટલોસમય લાગે. દર્દી પોલીસ યાદ વિના અમારી પાસે આવેલા મે આપેલ સર્ટીફીકેટમાં ઈજા કેવા પ્રકારની છે અને ઘા કેટલા ઉડો છે તે હકીકત લખેલી નહી. ઈજા પામનાર ને થયેલ ઈજા કોઈ કઠણ પ્રકારથી અથડાવાથી થઈ શકે. કોઈપણ માણસ દોડતો હોય અને પી

જાય અને નીચે પથ્થર સાથે અથડાય તો પણ મારા સર્ટીમાં જણાવેલ ઈજા થઈ શકે. દર્દીની સારવાર અન્ય મારા હાથ નીચેના ડોકટરે કરેલી અને મે સર્ટીફિકટ આપેલ. મારા સર્ટીફીકેટમાં કેવા પ્રકારની હથિયારથી ઈજા થઈ શકે તે લખેલ નથી.

(૮.૬) આ કામે સાહેદ રાહુલભાઈ પરસોત્તમભાઈ ચાવડાનાઓ આંક–૧૫ થી પુરાવો આપે છે કે, બનાવ તા.૩૦/૦૪/૧૫ ના રોજ બનેલ. બનાવ વખતે સાહેદ તેઓના મામા જશવંતભાઈના મકાનનું બાંધકામ ચાલુ હોય તેઓના મામાએ તેઓને પેન્ડલ રીક્ષા લઈને ચાલીના નાકે સિમેન્ટ પડેલ હોય તે લેવા મોકલેલ હતો તે વખતે સામેથી રમેશભાઈ તેમનુ એકટીવા લઈને આવતા હતા અને તેમને તેઓને કહેલ કે, સાઈડ પર કર તેવુ કહેલુ તો તેઓએ પેન્ડલ રીક્ષા સાઈડ પર કરેલ પરંતુ તમો રમેશભાઈનાઓએ તેઓને સાહેદને લાફો મારી દીઘેલ.બનાવની જાણ સાહેદે પોતાના મામાને કરતા તે તમો રમેશભાઈ પાસ ` આવેલા અને તમો આરોપી જેમતેમ ગાળો બોલતા હોય સાહેદના મામા જશંવતભાઈએ તમો આરોપીને ગાળો બોલવાની ના પાડતા તમો આરોપી ઘરેથી પાઈપ લઈ આવી સાહેદના મામાને પાઈપ કપાળમાં મારી દીઘેલ.

ઉલટતપાસમાં જણાવેલ છે કે બનાવવાળો રસતો સાંકળો અને કાો હતો જે છ ફુટ જેટલો હશે મે રમેશભાઈનું ઘર જોયેલ નથી. બનાવવાળી જગ્યાએ આજુબાજુ મકાનો આવેલા છે. બનાવ બન્યો ત્યારે કોઈ આવેલ નહી પણ ત્યા બાંધકામ ચાલુ હતુ તે લોકો છોડાવવા આવેલા.

(૮.૭) આ કામે સાહેદ પોલીસ સાહેદ જિતેન્દ્રભાઈ આત્મારામનાઓ આંક–૧૭ થી પુરાવો આપે છે કે, તા.૩૦/૪/૧૫ ના રોજ ફરીયાદી જશવંતભાઈનાઓએ તેઓની રૂબરૂ આવી ફરીયાદ હકીકત લખાવતા તેઓએ ફરીયાદ નોંધી લીઘેલ. જે ફરીયાદમાં ફરીયાદી તથા તેઓએ સહી કરેલ. જે ફરીયાદ આ કામે આંક–૧

૮ થી રજુ રાખેલ છે તેમજ આંક–૧૯ થી સારવાર સર્ટી મેળવવા જે યાદી કરેલ તે રજુ રાખેલ છે.

ઉલટતપાસમાં જણાવેલ છે કે બનાવ ચાલીના નાકે બન્યો હતો. ફરીયાદીએ જણાવી તે મુજબ ફરીયાદ નોધવા સીવાય મારી પાસે બીજી કોઈ વિગત નથી.

(૮.૮) આ કામે સાહેદ ત.ક.અ. રાજેન્દ્રકુમાર જીવણલાલનાઓ આંક–૨૦ થી પુરાવો આપે છે કે, આ ગુનાની તપાસ તેઓને સોંપતા તપાસ સંભાળી લઈ તા.૩૦/૪/૧૫ ના રોજ કલાક–૧૭.૦૦ વાગે બે પંચોને ગોમતીપુર રાજસ્થાન યુવક મંડળ નં.૪ ની આવેલ પંચમુખી હનુમાનના મંદિર પાસે બોલાવી ગુનાની સમજ કરી પંચમાં રહેવા સંમતી આપતા બનાવવાળી જગ્યા મુકેશભા આગળ ચાલી બતાવતા હોઈ તે જગ્યાનું પંચોની હાજરીમાં પચનામુ કરેલ જે પંચનામુ આ કામે આંક–૦૬ થી રજુ છે. તેઓએ તા.૩૦/૪/૧૫ ના બે પંચોને ગોમતીપુર પો.સ્ટે. તુલસીપાર્ક ચોકી ખાતે બોલાવી ગુનાની સમજ કરી પો.સ્ટેમાં તમો આરોપી પાસેથી ગુનાના કામે વાપરેલ લોખંડની પાઈપ આંક–૦૮ થી રજુ પંચનામાની વિગતે કબજે લીધેલ.ત્યારબાદ લાગતાવળગતા સાહેદોના નીવેદનો લઈ તથા ઈજા પામનારનું સારવાર સર્ટી મેળવી તપાસના અંતે તમો આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોઈ નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ હોવાનું જણાવેલ છે.

ઉલટતપાસમાં જણાવેલ છે કે બનાવ ચાલીની અંદર બનેલો હતો. ચાલીનો રસ્તો લગભગ છ થી આઠ ફુટનો છે. જે રસ્તો છે તે કાચો અને પથ્થરવાળો છે. મને તપાસ મળી પછી ફરીયાદ વાંચેલી. ફરયાદમાં એવું લખાવેલન થી કે ફરીયાદી છોડાવા માટે વચ્ચે પડતા તેને પાછળથી રમેશભાઈએ તેના કપળાના

ભાગે મારેલી. નજીકના દવાખાને સારવારની ના પાડતા સારવાર હોસ્પીટલમાં લઈ ગયેલા. આરોપીએ ફરીયાદીની સામે પણ ફરીયાદ દાખલ કરેલી છે. મારી તપાસમા એવું ખુલેલ કે આરોપીને ફરીયાદીએ બેઝબોલના દંડાથી મારેલ. નજીકમાં હીરાલા મનજીભાઈ ની દુકાન છે. તેનું નિવેદન મે લીધેલ નથી. મે લચ્છુબેન ,લક્ષ્મીબેન મુકેશભાઈ જે ફરીયાદીના માતા છે જેમના નીવેદન લીધેલ નથી. બે ફરીયાદ થઈ તેમાં જગ્યાનું પંચનામું કોમન છે.

**:: પુરાવાનું વિશ્લેષણ ::**

(૯) આ કામે ફરીયાદપક્ષે ફરીયાદી તથા સાહેદોની જુબાની નોધવામાં આવેલ છે. જેઓએ પુરાવામાં બનાવ વખતે આ કામના આરોપીઓ એ ફરીયાદી સાથે બોલાચાલી કરી ગડદાપાટુનો માર મારેલ હોવાની હકીકત જણાવેલ છે. પરંતુ તે કૃત્ય ઈ.પી.કો. કલમ–૩૨૩ માં પડે છે અને તે ગુનાના કામે બન્ને પક્ષો વચ્ચે સમાધાન થતા સી.આર.પી.સી. ની કલમ–૩૨૦ મુજબ ઈ.પી.કો. કલમ–૩૨૩ ના ગુનાના કામે સમાધાનથી નિદોર્ષ ઠરાવી છોડી મુકવામાં આવે છે. આ તબકકે માત્ર ઈ.પી.કો. કલમ– ૨૯૪(ખ), તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબના ગુનાની ચર્ચા કરવાની રહે છે. આ કામે સાહેદના પુરાવાથી ફરીયાદીને આરોપીએ બીભત્સ ગંદી ગાળો બોલેલ હોય તે અસલ શબ્દો પણ રેકર્ડ પર આવેલ ન હોય ગાળો આપેલ હોવાની હકીકત પણ પુરવાર થતી નથી. તેથી ઈ.પી.કો. કલમ–૨૯૪(ખ) મુજબનો ગુનો પણ સાબિત થતો નથી. તેમજ સાહેદની જુબાની જોવામાં આવે તો આરોપીએ હાથમાં બનાવ વખતે ઘાતક હથિયાર ધારણ કરી ઈજા પહોંચાડેલ હોય તેઓ પુરાવો રેકર્ડ ઉપર આવેલ છે પરંતુ બનાવ વખતે હથિયાર બંધી જાહેરનામું અમલામાં હતું તેવી કોઈ વિગત ત.ક.અ.શ્રી એ આંક–૨૦ નીજ બ્રુાનીમાં જણાવેલ નથી કે જાહેરનામાની કોપી

રજુ કરેલ નથી જેથી આરોપીએ બનાવમાં હથિયાર ધારણ કરેલ હતું તેહકીકત સાબીત થાય છે પરંતુ તે વખતે હથિયારબંધીનું જાહેરનામું અમલમાં હતું તે બાબત સાબીત થતી ન હોવાથી જી.પી .એકટ કલમ–૧૩૫ નો ગુનો સાબીત થતો નથી.જેથી મુદ્દા નંબરઃ૦૧ નો જવાબ નકારમાં આપવામાં આવેલ છે. જ્યારે મુદ્દા નંબરઃ૦૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## –ઃ આ ખ રી હુ ક મ ઃ–

(૧) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧) મુજબ આ કામના આરોપી **(૧) રમેશભાઈ અમરસીગભાઈ પરમાર રહે. સરદારજીના છાપરા, ખાડાવાળી ચાલી પાસે, ગોમતીપુર, અમદાવાદ** નાઓને ધી ઈ.પી.કો.કલમ– ૨૯૪(ખ), તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીઓના જુના જામીન રદ કરવામાં આવે છે. અપીલ સમયના રૂ.૨૫ હજારના જામીન રજુ કરવાના રહેશે.

(૩) આ કામે કબજે લીધેલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યે નિયમોનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

સદરહુ હુકમ આજ તારીખઃ ૨૪ મી, માહે. જાન્યુઆરી, સને–૨૦૨૫ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

સ્થળઃઅમદાવાદ.
તા.૨૪/૦૧/૨૦૨૫.

**(વનરાજસિંહ.એ.ધાધલ)**
૬ઠ્ઠા એડી ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ શહેર.